**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૬.૮ ડીગ્રી
લઘુતમ : ૨૧.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૪૬ ટકા

# જયોતિ મહિલા મંડળની સતત ૪૯મા વર્ષે ફરતા ગરબા સ્પર્ધા યોજાઈ





આદ્ય શકિત મા જગદંબાની આરાધનાના પર્વનો પ્રારંભ ગાંધીનગરમાં જયોતિ મહિલા મંડળની ફરતા ગરબા સ્પર્ધાથી થવા પામ્યો છે. સેકટર-૨ ૩માં કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના કેમ્પસમાં ખિમજી વિસરામ હોલ ખાતે શહેરના અગ્રણીઓની ઉપસ્થિતિમાં સતત ૪૯મા વર્ષે ફરતા ગરબા સ્પર્ધા યોજાઈ હતી જેમાં વિવિધ વયજુથમાં મળીને કુલ ૧૪૦૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધકોમાં ૫ વર્ષની વયની બાળકીથી માંડીને ૮૦ વર્ષથી મોટી ઉંમરની મહિલાઓનો પણ સમાવેશ થાય છે. આ સ્પર્ધામાં વિવિધ વય જુથ અને વિવિધ કેટેગરીમાં મળીને ૧૫૦ જેટલા ઈનામો વડે વિજેતા સ્પર્ધકોને સન્માનવામાં આવ્યા હતા.

## આંબેડકર હોલ ખાતે સ્વર ધડકન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી અને ઓલ ઈન્ડીયા કરાઓકે આર્ટીસ્ટ એસોસિએશનના સહયોગથી હેત ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા આયોજીત ગાંધીનગરના ૫૦ કે તેથી વધુની ઉંમરના સિનિયર સિટીઝનને સંગીત ક્ષેત્રે એક સારું પ્લેટફોર્મ મળે અને પોતાની ગાવાની ઈચ્છા પુરી કરી શકે તે માટે તા. ૨૦ ઓકટોબરને શનિવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે કરાઓકે દ્વારા ગીતોની રજુઆત નો એક નવતર કાર્યક્રમ સ્વર ધડકન આંબેડકર હોલ સેકટર-૧૨ ખાતે યોજાશે. તો આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુક વડીલ મિત્રો માટે રવિવાર તા. ૧૪ મી ઓકટોબરના રોજ બપોરે ૧૨ કલાકે આંબેડકર હોલ સેકટર-૧૨ ખાતે ઓડીશન રાખવામાં આવ્યું છે. આ ઓડીશન અને કાર્યક્રમાં ભાગ લેવા માટેના ફોર્મ લક્ષ્મી બેકરી સેકટર-૨૧, બજરંગ એમ્પોરીયમ સે-૨૧, જયઅંબે સ્વીટ માર્ટ સે-૨૨ અને વૃંદાવન સ્વીટ માર્ટ સે-૭ રોયલ લુક ઈન્ફોસીટી ખાતેથી મળી રહેશે. ફોર્મ ભરીને તા. ૧૩ મીને શનિવારના રોજ સાંજે ૭ કલાક પહેલા ઉપરના કોઈપણ સેન્ટર પર પરત આપવા અનુરોધ કરાયો છે. આ કાર્યક્રમ વિના મુલ્યે રાખવામાં આવ્યો છે. જયારે ઓડીશન સમયે પોતાને ગાવાનું ગીત પેન ડ્રાઈવમાં સાથે લઈ આવવું, જેથી સમયનો બગાડ ના થાય અને ઓડીશન પણ સમયસર સમાપ્ત થઈ શકે. આ કાર્યક્રમને અનુલક્ષી વધુ માહિતી માટે સંજય તન્ના મો. ૯૮૭૯૫ ૫૨૦૯૫ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## કલોલ વાહન ચોરીમાં છ માસથી નાસતા ફરતા આરોપીને વડનગરથી ગાંધીનગર એબસ્કવોન્ડર ટીમે ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લા તેમજ અન્ય જિલ્લા-શહેરના જુદા જુદા ગુનાઓમાં નાસતા ફરતા હોય તેવા આરોપીઓની




માહિતી મેળવી તેમને પકડી પાડવાની કામગીરી કરવા પોલીસ અધિક્ષક મયુર ચાવડાએ કાઈમ બ્રાન્ચ પીઆઈ ટી.આર.ભટ્ટને જરુરી સુચના આપી હતી. જેને પગલે ટીમના સભ્યોએ બાતમીદારો પાસેથી માહિતી મેળવી પકડી પાડવાની પરિણામલક્ષી કામગીરી કરવા જણાવ્યું હતું. જેને પગલે તા. ૧૦ ના રોજ પીએસઆઈ વી.એમ.ઝાલા તેમજ ટીમના સભ્યો એએસઆઈ અશોકકુમાર અંબાલાલ,હે.કો.દિલિપસિંહ બળદેવસિંહ, દિપકસિંહ, નરેશભાઈ પરબતભાઈ નાસતા ફરતા આરોપીઓની પકડી પાડવાની દિશામાં તપાસમાં હતા તે દરમિયાન પોકો. દિપકસિંહને બાતમી મળી હતી કે કલોલ શહેર પોલીસ સ્ટેશન ઈપીકો કલમ ૩૭૯ ના કામના વિનોદ સથવારા રહે.કાળા વાસુદેવનો ચોક, મહાદેવનો ખાંચો, વડનગર જી.મહેસાણા,વાળાનો માહિતી મળી હતી કે તેહાલ આશાપુરી માતાજીના મંદિર પાસે વડનગર ખાતે હાજર છે. જેથી તાત્કાલીક વડનગર ખાતે જઈ ટીમે પ્રાથમિક પુછપરછ માટે એલસીબી કચેરી ખાતે લાવી વધુ પુછતાછ કરતા તેણે ઉપરોકત ગુનો આચરેલાની કબુલાત કરી હતી. આજથી છ માસ અગાઉ કલોલ શહેર સોમનાથ સોસાયટી કલ્યાણપુરા કલોલ ખાતે પોતાના સંબંધીના મોટર સાઈકલની ચોરી કરી હતી. જેથી તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

## બાળકોની નિર્દોષ ભકિત એટલે 'ગબ્બર....'!!



ભારતીય સંસ્કૃતિમાં તહેવારોનું અનન્ય મહત્વ છે અને એમાં પણ બાળકો તેમના નિર્દોષ ભાવથી દરેક તહેવારને પોતાની રીતે ઉજવતા હોય છે. નવરાત્રિમાં 'ગબ્બર' બનાવવો એ લગભગ દરેક બાળકનું મનગમતું કામ છે અને તેના થકી બાલમાનસમાં આસ્થા, ભકિત અને ધાર્મિકતાના સંસ્કારનું નિરુપણ થાય છે. સેકટર-૨૭માં ગાયત્રીનગર સોસાયટી ખાતે 'ગબ્બર' બનાવવામાં મશગુલ આ ભૂલકાઓ મા જગદંબા પ્રત્યે નિસ્વાર્થ ભકિતનો પર્યાય સમાન ભાસી રહ્યા છે.

## સેકટર-૫ શ્રી મહાકાળી માતાજી સેવા ટ્રસ્ટના શેરી ગરબા યોજાશે

શ્રી મહાકાળી માતાજી સેવા ટ્રસ્ટ સેકટર-૫ ગાંધીનગર ખાતે નવલી નવરાતનું ભવ્યાતિ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. શેરી ગરબાનું મહત્વ દિવસે દિવસે વધતું થાય છે તેના ભાગરૂપે ૧૧ તારીખે વિક્રમ ઠાકોર-શિલ્પા ઠાકોર, ૧૨ ઓકટોબરે સ્મિતા મકવાણા, ૧૩મીએ શનિવારે સાવન રાવલ, તેજલ રાણા, ૧૪મી ઓકટોબર રવિવારે અલ્પેશ દદ્દુ, દક્ષા પ્રજાપતિ તથા ૧૫ તારીખ સોમવાર વર્ષા વણઝારા, ૧૬ મંગળવારે જયદિપ પ્રજાપતિ (જે.ડી. મધુરમ ગૃપ) ૧૭ તારીખ બુધવારે પાર્થ પટેલ તથા ૧૮મીએ જલ્પા પટેલ ગરબાની રમઝટ બોલાવશે. જયારે શ્યામ સાઉન્ડ (યોગીન પટેલ), શ્રી મહાકાળી માતાજી સેવા ટ્રસ્ટ સે-૫-બી ગાંધીનગર પ્રમુખ પ્રેમલસિંહ ગોલ, ઉપપ્રમુખ ઘનશ્યામસિંહ ચૌહાણ, રમેશભાઈ રાવલ, મંત્રી અમીતભાઈ પટેલ, સહમંત્રી બાલકૃષ્ણભાઈ પટેલ તેમજ વસાહતીઓ દ્વારા શેરી ગરબાનું અદભુત આયોજન કરવામાં આવ્યું છે તેમ પ્રેમલસિંહ ગોલે અખબારી યાદીમાં જણાવ્યું છે.

## સિવિલમાંથી ડ્રાઈવર રૂમની પાસેથી વધુ એક બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર,તા. ૧૦

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાંથી વધુ એક બાઈકની ઉઠાંતરી ગતરોજ થવા પામી છે. સિવિલના ડ્રાઈવર રૂમ પાસે પાર્ક કરેલા કર્મચારીની સ્પેલન્ડર બાઈક કોઈ ચોર ઈસમ ઉઠાવી ગયો છે. સિવિલ વાહન ચોર માટે મોકળુ મેદાન બની ગયું છે. સિવિલમાંથી એક પછી એક વાહન ઉઠાવીને ચોર ઈસમો પોલીસને પડકાર ફેંકતા હોય તેમ લાગી રહ્યું છે. જયારે વાહન ચોરી થવા છતા સિવિલની સલામતી માટે મુકેલા ગાર્ડ માત્ર શોભાના ગાંઠીયા સમાન બની ગયા હોય તેમ લાગી રહ્યું છે. જયારે સિવિલમાં સીસીટીવીની બાજ નજર હોવા છતા ચોર ઈસમો વાહન ચોરી કરી પલાયન થઈ જાય છે. કારણ કે સિવિલના મોટાભાગના સીસીટીવી કેમેરા બંધ હાલતમાં છે. જયારે કોઈ ઘટના બને તે સમયે ચેક કરવામાં આવે છે ત્યારે ખબર પડે છે કે આ કેમેરા માત્ર કંઈ કામના નથી રહ્યા. સિવિલમાં વાહનચોરી આંતરે દિવસે થાય છે. ત્યારે સિવિલમાં ડ્રાઈવર રૂમની પાસે ગતરોજ પાર્ક કરવામાં આવેલું સ્પેલન્ડર બાઈક નંબર જી.જે.૧૮.સી.એફ- ૪૧૬૭ કોઈ ચોર ઈસમ ગણતરીની મિનીટમાં લઈ છુમંતર થઈ ગયો હતો. બાઈક માલિકે સેકટર-૭ પોલીસ મથકે જાણવા જોગ ફરિયાદ આપી છે. ત્યારે સિવિલમાંથી વાહનચોરી કરતા ચોર ઈસમો માટે પોલીસ તંત્રએ ખાસ એકશન પ્લાન ઘડવાની જરુર છે.

## શોષિત કર્મચારીઓની રજુઆત સાંભળવા ધારાસભ્યોને હાજર રહેવા ગુજરાત જનતા જાગૃતિ મંચ દ્વારા અપીલ

ગાંધીનગર, તા.૧૦

આપણા ગુજરાત રાજયમાં કરકસરના ઉદેશ્યથી યુવાનોને બંધારણીય જોગવાઈ સમાન કામ સમાન વેતન વિરુધ્ધ એમને મળવા પાત્ર વેતન કરતા ખુબ જ ઓછા વેતનમાં અગીયાર માસ કરાર આધારીત, આઉટસોર્સિંગ, માનદ વેતન, રોજમદાર, અને ફિકસ પગારમાં રોજગારી આપવામાં આવે છે. નોકરીમાંથી છુટા કરી દેવાની લટકતી તલવાર વચ્ચે યુવાનો પાસેથી વધુ કામ કરાવવામાં આવે છે. ત્યારે આ તમામ શોષિત યુવાનો પોતાની વ્યથા રજુ કરવા તા. ૧૧ ઓકટોબરને ગુરુવારના રોજ સવારે અગીયાર વાગે પોત પોતાના જિલ્લાના મુખ્ય મથકે આવેલા સર્કીટ હાઉસ ખાતે આવવાના હોવાથી જિલ્લાના ધારાસભ્યોએ અગીયાર ઓકટોબરના દિવસે પોતાના પૂર્વ નિર્ધારીત કાર્યક્રમ રદ કરી યુવાનોના હિતને લક્ષમાં રાખી કર્મચારીઓની રજુઆત સાંભળવા હાજર રહે તે માટે ગુજરાત જનતા જાગૃતિ મંચ દ્વારા અનુરોધ કરાયો છે.

## ગુજરાતી કલાકારો દ્વારા સહાય કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૦

હિંમતનગર તાલુકાના ઢુંઢર ગામે ૧૪ માસની માસુમ દિકરી પર થયેલા દુષ્કર્મની ઘટનામાં તે દિકરીને સહાય કરવા માટે ગુજરાતી ફિલ્મના કલાકાર વિક્રમ ઠાકોર અને છોટે વિક્રમ દ્વારા પોર ગામે એક ખાસ સંગીતના કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. જેમાં ઠાકોર સમાજના તેમજ અન્ય સમાજના કલાકારો, આગેવાનોએ હાજર રહી મોટી માત્રામાં ફાળો એકત્ર કર્યો હતો.

પોર ગામ પાસે આવેલા તુલસી પાર્ટી પ્લોટમાં આયોજીત કાર્યક્રમમાં ગુજરાતી ફિલ્મ કલાકાર વિક્રમ ઠાકોર, રોહિતજી ઠાકોર, બેચરજી ઠાકોર, રાજુજી ઠાકોર, જીવરાજજી ઠાકોર, રાહુલજી ઠાકોર, અમરતજી ઠાકોર, છોટે વિક્રમ વિકાસ ઠાકોર કિશનજી ઠાકોર, શિલ્પા ઠાકોર, તેજલ ઠાકોર, સલોના ઠાકોર, અંજલિ પંડ્યા, સોનલ માસી તથા આગેવાનો પ્રવિણસિંહ ઠાકોર, કાંતિજી ઠાકોર, મહેશ પ્રજાપતિ, ભીખાજી ઠાકોર સહિત આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ આગેવાનોએ મોટી માત્રામાં સહાય માટે રકમ એકત્ર કરી હતી.

## પરપ્રાંતિય નાગરીકોને ઘર ન છોડવા વિ.હિ.પ અને બજરંગદળની અપીલ

ગાંધીનગર, તા.૧૦

ભારત દેશમાં વસતા તમામ ભારતીયો આપણા ભાઈ-બહેન છે. હમણા એક પરપ્રાંતિયોઓ વિરુધ્ધ જંગ ચાલે છે. કોઈ એક વ્યકિતને લીધે આખા સમાજને કે આખા પ્રાંતને ભોગવવું પડે તે બરાબર નથી. જે વ્યકિતએ કૃત્ય કર્યુ છે, તેને સરકારી પોલીસ તંત્રએ પકડી પાડ્યો છે અને સખ્ત શિક્ષા કરવાની ખાત્રી આપી છે. વિ.હિ.પ એ વસુધૈવ કુંટુંબકમમાં માને છે. ગુજરાત પરપ્રાંતિયોને રોજી રોટી આપે છે. તે નાગરીકો પણ શાંતિથી રોજગાર-વેપાર કરે છે. જો તે નાગરીકો નહીં રહે તો ગુજરાતના ઉદ્યોગ ધંધાને મોટો ફટકો પડશે. આપણે સૌ ભારતીયો એક સંપ થઈને રહીએ કોઈપણ ને કંઈ પણ તકલીફ હોય તો વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળના સભ્યોને જણાવી શકે છે. જેથી તમામ નાગરીકોને સેવા, સહકાર અને સુરક્ષા મળી રહેશે.

## આઈએનઆઈએફડી ગાંધીનગરના વિદ્યાર્થીઓનું પ્રિ - નવરાત્રી સેલિબ્રેશન



રાત્રી બીફોર નવરાત્રી, નામક ઈવેન્ટનું આયોજન આઈએનઆઈએફડી ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં પ્રિ - નવરાત્રી સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું. નવરાત્રી એ યુવાનોનો પ્રિય તહેવાર છે અને જે લોકોને ડાન્સ કરવો ગમે છે તેમના માટે આ તહેવાર એક વરદાન સમાન છે. આઈએનઆઈએફડી ગાંધીનગરની રાત્રી બીફોર નવરાત્રીમાં ૧૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને ટ્રેડિશનલ ડ્રેસીસ પહેરીને મન મૂકીને ગરબાનો આનંદ લીધો હતો. છોગાળા તારા, ઢોલી તારો ઢોલ, ઢોલીડા, કમરિયાં જેવા અનેક ગીતો પર યુવાનોએ ગરબા કર્યા હતા.

## બેંક ઓફ બરોડા દ્વારા ખેડુત પખવાડીયાની ઉજવણી

ગાંધીનગર, તા.૧૦

બેંક ઓફ બરોડા ગાંધીનગર ક્ષેત્ર, ક્ષેત્રમાં આવતા ગાંધીનગર, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં બરોડા કિસાન દિવસ તથા કિસાન પખવાડીયાની ઉજવણી કરી રહ્યું છે. ૧૬ ઓકટોબરને દર વર્ષે વિશ્વ ખાદ્ય દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ અંતર્ગત બેંક ઓફ બરોડા ગાંધીનગર ક્ષેત્ર, ૧ ઓકટોબરથી ૧૬ ઓકટોબર સુધી ખેડુત પખવાડીયું ઉજવી રહ્યું છે. આ પખવાડીયામાં ખેડુતને લગતી તમામ લોન જેવી કે પાક ધિરાણ, ખેત ઉત્પાદતો, ખેતીના ઓજારો, સિંચાઈ યોજના, સ્વસહાય જુથને રૂણ સુવિધા તેમજ ખેડુતલક્ષી અન્ય પ્રવૃતિ જેવી કે જમીનનું પૃથ્થકરણ પશુ હેલ્થ ચેકઅપ, ખેડુત હેલ્થ ચેકઅપનું આયોજન કરવામાં આવ્યું છે.

## @ગાંધીનગર

● કલ્ચરલ ફોરમ દ્વારા બીજા નોરતે પ્રહર વોરા અને સંપદા વોરા ૭.૩૦ કલાકે ગરબાની રમઝટ બોલાવશે.

● શ્રી મહાકાળી માતાજી સેવા ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા સે-૫ ખાતે શેરી ગરબા યોજાશે જેમાં વિક્રમ ઠાકોર અને શિલ્પા ઠાકોર દ્વારા ગરબાની રમઝટ બોલાવશે.

● સે-૨૧ સાર્વજનિક નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા ડી.જે. સાઉન્ડ સિસ્ટમ પર ગરબા રાત્રે ૮ કલાકે યોજાશે.

● સે-૭ શિવ શકિત નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા પ્રકાશ રાઠોડ, હરીશ રાવત અને ગાયત્રી બારોટ રાસ ગરબાની રમઝટ સે-૭-સી શિવશકિત મંદિર ચોક ખાતે બોલાવશે.

● સે-૩ ન્યુ નવરાત્રી સમિતિ દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે કૃણાલ ઓરકેસ્ટ્રાના સુનીલ સોલંકી દ્વારા રાસ ગરબાની રમઝટ બોલાવશે.

● સે-૨૨ શોપીંગ સેન્ટર ખાતે માતાજીના ચાચર ચોકમાં સરસ્વતી ગૃપ દ્વારા ગરબાની રમઝટ રાત્રે ૮ કલાકે જામશે.

● માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આસો સુદ બીજના રોજ બપોરે ૧ થી ૪ કલાક દરમિયાન સામુહિક ગોપી મંડળ ઉત્કર્ષ બંગ્લોઝ, પ્લોટ નં. ડી-૩૦ કોમન પ્લોટ, વાળીનાથ ચોક-ચાંદખેડા ખાતે આનંદનો ગરબો યોજાશે.

● શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક ૪.૩૦ કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ બીજો માળ, સે-૨૨ ખાતે મળશે.

### ચિરવિદાય

- સ્વ. સુવેરાબેન કૃષ્ણાનંદ ચીતાણીયા, ઉ.વ. ૮૦
- સ્વ. નાથીબેન છનાજી ઠાકોર, ઉ.વ. ૬૮
- સ્વ. બાબુભાઈ નાથાભાઈ સોલંકી, ઉ.વ. ૪૨

# દૈવિ મંત્રોચ્ચારના ધ્વનિ સાથે માતૃશકિત પર્વનો ભવ્ય પ્રારંભ



**મા દુર્ગાના મૂળસ્વરૂપ મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતીના આહવાન સાથે પ્રથમ સ્વરૂપ શૈલપુત્રી પૂજાયા, આજે બીજા નોરતે બ્રહ્મચારીણી સ્વરૂપના પૂજન અર્ચન કરાશે**

ગાંધીનગર, તા.૧૦

આસો સુદ એકમ-બીજના સમન્વય સાથે મા આદ્યશકિત જગદંબાની આરાધના અને ઉત્સવના સંગમ સમી નવરાત્રીનો વૈદિક મંત્રોચ્ચારના ધ્વનિ સાથે ભવ્ય પ્રારંભ થયો હતો. માતાજીના જવેરા વચ્ચે ઘટસ્થાપન કરી વિધિવિધાન મુજબ ધાર્મિક વિધિ કરી મા જગદંબાના મૂળસ્વરૂપ મહાલક્ષ્મી, મહાકાલી અને મહાસરસ્વતીનું આહવાન કરાયું હતું અને નવરાત્રીના પ્રથમ સ્વરૂપ શૈલપુત્રીના પૂજન કરવામાં આવ્યા હતા. પ્રથમ નોરતાની રઢીયાળી રાતે યુવાધન ગરબે ઘુમીને હીલોળે ચઢયું હતું. આજે બીજા નોરતે મા દુર્ગાના દ્વિતિય સ્વરૂપ મા બ્રહ્મચારીણીના પૂજન અર્ચન કરી આદ્યશકિતની કૃપા પ્રાપ્તિના પ્રયાસો કરાશે.

બ્રહ્માંડને ઉત્પન્ન કરનારી જગતજનની આદ્યશકિત મા જગદંબાનું પવિત્ર પર્વ નવરાત્રીનો ધાર્મિક વાતાવરણમાં ભવ્ય પ્રારંભ થયો છે. આ જગતમાં માનવ રક્ષાનું એક માત્ર સાધન દૈવી કવચ છે અને તેથી જ આ નવરાત્રીનું મનુષ્ય જીવનમાં ખાસ મહત્વ વર્ણવાયું છે. નવરાત્રીના રંગેચંગે તથા ધાર્મિક વિધિ સાથે થયેલા મંગલ પ્રારંભે મા ભગવતીના પ્રથમ સ્વરૂપ શૈલપુત્રીના પૂજન થયા હતા. માતૃશકિતના આ પર્વમાં માતાજીના પૂજન માટે આસન, પાદ્ય, અર્ઘ્ય, આચમન, સ્નાન, વસ્ત્ર, ગંધ, અક્ષત, પુષ્પ, સૌભાગ્ય દ્રવ્ય, ધૂપ-દીપ, નૈવેદ્ય, ઋતુફળ, મુખવાસ, નીરાજંન, પુષ્પાંજલિ, પ્રદક્ષિણા, પ્રાર્થના, આરતી અને ક્ષમાપનાના ષોડશ ઉપચારો આવશ્યક ગણાયા છે અને માતાજી તેનાથી પ્રસન્ન થાય છે તે મુજબ આજે બીજા નોરતે મા જગદંબાના બીજા સ્વરૂપ બ્રહ્મચારિણીના પૂજન અર્ચન અને આરાધના કરવામાં આવશે.

મા દુર્ગાના બીજા સ્વરૂપ મા બ્રહ્મચારીણીનું વર્ણનશાસ્ત્રોમાં કરવામાં આવ્યું છે તે મુજબ દેવીએ શ્વેત વસ્ત્રો પહેર્યા છે. જમણા હાથમાં અષ્ટદલની જપમાળા અને ડાબા હાથમાં કમંડળ ધારણ કર્યુ છે. આ માતૃશકિત એ ભગવાન મહાદેવને પ્રાપ્ત કરવા એક હજાર વર્ષ સુધી માત્ર ફળ ખાઈને અને ત્રણ હજાર વર્ષ સુધી વૃક્ષ ઉપરથી પડેલા પાંદડા ખાઈને આકરી તપસ્યા કરી હતી. માતાજીના આ કઠોર તપ થકી તેઓ બ્રહ્મચારિણી નામથી પ્રસિધ્ધ થયા માતાજીના આ સ્વરૂપને પૂજનારા સાધકને તપ, ત્યાગ, સદાચાર અને સંયમ જેવા સદગુણો પ્રાપ્ત થાય છે અને વૃધ્ધિ પામે છે. નવરાત્રીના બીજા સ્વરૂપ એવા બ્રહ્મચારીણી માતાજીનો પ્રસાદમાં આજે સાકરનો ભોગ ધરાવવો જોઈએ જેનાથી મનુષ્યનું આયુષ્ય વધે છે અને દીર્ઘાયુ બને છે, પ્રથમ નવલી નવરાત્રી એ રોશનીથી ઝળહળતા માતાજીના ચાચર ચોકમાં નાના-મોટા સૌ કોઈએ માતાજીના ગરબા ઘુમીને આ પર્વનો આનંદ સાથે પ્રારંભ કર્યો હતો.